Code 72671 AR

# ગુજરાત રાજય માર્ગ વ્યવહાર નિગમ

અહીંયા ફોટો ચોંટાડવો

**રોજિંદા મુસાફર તરીકે રાહત દરે મુસાફરી કરવા માટે માસીક પાસ મેળવવાનું અરજી પત્રક**

પ્રતિ,
કેન્દ્ વ્યવસ્થાપક શ્રી,
ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ,
______________________કેન્દ્ર
______________________.

શ્રીમાન,

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ તરફથી નિગમની ગ્રામિણ/શહેરી, સાદી – લોકલ / એકસપ્રેસ બસ સર્વિસમાં રોજિંદા મુસાફરોની સુવિધા માટે માસિક પધ્ધતિ દાખલ કરેલ છે. તેના નિયમો મેં વાંચ્યા છે, જે મને કબુલ-મંજુર અને બંધનકર્તા છે,. હું પાસ કઢાવવા ઇચ્છું છું, જે અંગેની જરૂરી વિગતો નીચે મુજબ છે.

પુરૂ નામ (અટક પ્રથમ લખવી) : ______________________________________________

જન્મ તારીખ : ______________ પાસની વિગત : માસિક લોકલ /એકસપ્રેસ/ શહેરી

સરનામું : ________________________________________________________________
________________________________________________________________________

મુસાફરી પાસનો રૂટ : ______________ થી _______________ સુધી (વાયા ____________)

બસમાં બેસવાનું સ્થળ : __________________ ઉતરવાનું સ્થળ: ______________________

આ સાથે મારા પાસપોર્ટ સાઇઝના બે ફોટા સામેલ રાખેલ છે. પાસ અંગેના નિયમો મેં વાંચ્યા છે. જે મને બંધનકર્તા છે.

સ્થળ : ______________________________

તારીખ : અરજદારની સહી

નોંધ : એક ફોટો અરજી પત્રક પર ચોંટાડવાનો રહેશે અને બીજો ફોટો કલીપ કરીને રાખવાનો રહેશે.

Code 72671 AR

# રોજિંદા મુસાફર તરીકે રાહત દરે મુસાફરી કરવા માટે માસિક પાસની યોજનાના નિયમો

1. માસિક પાસ માટે નિયમાનુસાર બેસવાના અને ઉતારવાના સ્થળ વચ્ચેની બસના પ્રવાસ માટે થતું આવવા તથા જવાનું ભાડું અગાઉથી ભરવાનું રહેશએ.
2. ઓળખપત્રનો ચાર્જ રૂ.20-00 અલગ આપવાનો રહેશે.
3. ઓળખપત્રની મુદત 7 વર્ષની રહેશે.
4. ઓળખપત્ર બગડી /ફાટી તેમજ વાંચી ન શકાય તેવા પ્રકારે અગર ગુમ થાય તેવા સંજોગોએ ઓળખપત્ર પુન: નિયમાનુસાર નાણાં ભરીને ઓળખપત્ર કાઠવાનું રહેશે.
5. પાસ ધારકે ટુંકી અને વાંચી શકાય તેવી સહી પાસ અને ઓળખપત્ર ઉપર કરવાની રહેશે.
6. માસિક પાસ કઢાવવા આવતી વખતે પાસ ધારકે ઓળખપત્ર અવશ્ય પજું કરવાનું રહેશે.
7. જે તે પાસ ધરાવતી વ્યકિત પોતાનો પાસ તબદીલ કરી શકશે નહિ અને આ પાસનો ઉપયોગ પાસ ઉપર દર્શાવેલ વ્યકિત સિવાયની અન્ય વ્યકિત કરી શકશે નહિ. અરજી ફોર્મમાં દર્શાવેલ માર્ગ પર જ મુસાફરી કરી શકાશે. આમ છતાં જો આવા પાસનો ઉપયોગ અન્ય વ્યકિત દ્રારા કરાતા પકડાશે તો તે પાસ જપ્ત કરવામાં આવશે. અને ટીકીટ વગરના મુસાફર ગણી નિયમનુસાર ભાડુ તથા દંડ વસુલની કાર્યવાહી કરવામાં આવશે. અને કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરી શકાશે.
8. બસમાં હરોળમાં ઉભા રહી પ્રવેશવું તેમજ બેસવાની જગ્યા ન હોય તો પાસ ધરવાનાર પ્રવાસી તે માટે તકરાર કરી શકશે નહિ.
9. જો કોઇ પણ સંજોગોને કારણે પાસ ધરાવનાર પ્રવાસી પ્રવાસ ન કરી શકે તો તે માટે પાસ ધરાવનાર પ્રવાસી કોઇપણ પ્રકારની નુકશાની અથવા વળતર માંગી શકશે નહિ.
10. પ્રવાસ દરમ્યાન જયારે પણ સંસ્થાના અધિકૃત કર્મચારી/અધિકારી ધ્વારા ચકાસણી માટે પાસ માંગવામાં આવે ત્યારે પાસ ધરાવનાર પ્રવાસીએ આનાકાની વગર પાસ અને ઓળખકાર્ડ ચકાસણી માટે આપવાનું રહેશે.
11. જો કોઇપણ સંજોગોમાં જે તે માર્ગની બસ/બસોનું સંચાલન નિગમ ધ્વારા રદ કરવામાં આવે તો તેને માટે કોઇપણ નાણાં પરત આપવામાં આવશે નહિ કે કોઇપણ વળતર ચૂકવવામાં આવશે નહિં.
12. પાસ ધરાવનાર પ્રવાસી મુસાફરી દરમ્યાન પોતાની સાથે અધિકૃત લગેજ લઇ જઇ શકશે, અન્યથા વધારાના લગેજ માટે નિયમનુસાર લગેજ ટીકીટ લેવાની રહેશે.
13. એક વખત પાસ કાઢી આપ્યા બાદ તે પરત લેવામાં આવશે નહિં. તેમજ વપરાયેલ પાસ રીફંડને પાત્ર રહેશ નહિં. જો પાસ તેમજ ઓળખકાર્ડ ખોવાઇ જાય અથવા ખરાબ થઇ જાય અથવા ધોવાઇ જાય તો પુરા પૈસા લઇને નવા પાસ તથા ઓળખકાર્ડ કાઢી આપવામાં આવશે.
14. પાસ ઉપર કોઇ પણ સુધારા વધારા કરી શકાશે નહિ. જે ગંભીર ગુનો બનશે. અને આવા પાસધારકનો પાસ રદ કરવાની તથા કાનુની કાર્યવાહી યોગ્ય જણાતા કરવામાં આવશે.
15. પાસ પધ્ધતિની યોજના નિયમોમાં જરૂરી જણાય ત્યારે સુધારા વધારા કરવા માટે, નવી શરતો ઉમેરવા માટે, રાહતદરના ચાર્જમાં સુધારો કરવા માટે અને પાસની મુદત દરમ્યાન ભાડામાં ફેરફાર થાય તે પ્રમાણેની રકમ પાસની બાકીની મુદત માટે વસુલવાના તથા અન્ય જરૂર જણાય તો સુધારા વધારા કરવા નિગમ અબાધિત હકક ધરાવે છે.આવા સુધારા પાસધારકને બંધનકર્તા રહેશે.